ગાંધીનગર સમાચાર




# ગાંધીનગરની દીકરી કિન્નરી વોરા ઉત્તરાર્ધ ઉત્સવમાં નૃત્યો રજૂ કરશે

ગાંધીનગર, તા. ૧૨

સૂર્યમંદિર, મોઢેરા ખાતે તા. ૧૬ જાન્યુઆરીથી આરંભાઈ રહેલો ઉત્તરાર્ધ ઉત્સવ આ વખતે ગાંધીનગરાઓ માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. એનું કારણ એ કે આ ઉત્સવમાં આ વખતે ગાંધીનગરની દીકરી કિન્નરી પોતાનાં નૃત્યો પ્રસ્તુત કરી રહી છે.


તસવીર સૌજન્ય : વિલિયમ ફ્રેડરકીંગ

ગાંધીનગર સમાચાર સાથેની મુલાકાતમાં કિન્નરીએ જણાવ્યું હતું કે 'સૂર્યમંદિર, મોઢેરા ખાતે પરફોર્મ કરવું એ મારા માટે સદ્‌ભાગ્યની વાત તો છે જ પરંતુ એનાથી પણ મહત્ત્વની વાત મારા માટે એ છે કે આ ઉત્સવમાં હું મારાં કલાગુરુ સાથે સંગત કરી રહી છું.'

છેલ્લાં સાતેક વર્ષથી શિકાગો, અમેરિકામાં સ્થાયી થયેલી મૂળ ગાંધીનગરની દીકરી કિન્નરી વોરા એક વર્સેટાઈલ ડાન્સર છે. પાંચ વર્ષની વયથી જ તેણે ભરતનાટ્યમ્ શીખવાની શરૂઆત કલાગુરુ શર્મિષ્ઠા સરકાર પાસે કરી દીધી હતી. સૅન્ટ ઝેવિયર્સ, ગાંધીનગર ખાતે ભણેલી આ તેજસ્વી વિદ્યાર્થીની ૧૯૯૯માં જ્યારે આંતરરાષ્ટ્રીય લોકનૃત્ય મહોત્સવમાં ભાગ લેવા માટે જઈ રહી હતી ત્યારે પણ તેની આ સિદ્ધિની નોંધ ગાંધીનગર સમાચારે લીધી હતી (તા. ૨૬-૬-૧૯૯૯). એ પછી ૧૯૯૮માં તે ગ્રીસ અને પૉલેન્ડનું સ્ટેજ ગજવી આવી ત્યારે પણ ગાંધીનગર સમાચારે તેને ફૂલડે વધાવી હતી (તા. ૧૬-૯-૧૯૯૮) અને આજે જ્યારે તે મોઢેરા ખાતે પરફોર્મ કરવા જઈ રહી છે ત્યારે પણ ગાંધીનગર સમાચાર તેની સગર્વ નોંધ લઈ સમગ્ર ગાંધીનગરના કલાજગત વતી તેને શુભકામનાઓ પાઠવે છે.

રાજ્ય અને દેશના વિવિધ નૃત્ય મહોત્સવોમાં પોતાનાં નૃત્યો પ્રસ્તુત કરનાર કિન્નરીએ અમેરિકા, ગ્રીસ, પૉલેન્ડ, ઈટલી, ઈઝરાયલ જેવાં સ્થળોએ પણ પોતાનાં નૃત્યોના જાદુ પાથર્યા છે અને ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી રહી છે. 'નૃત્યના માધ્યમથી હું આપણા દેશની સંસ્કૃતિ, આપણા સંસ્કાર દુનિયા સુધી પહોંચાડી રહી છું' એવો એનો ભાવ છે.

હાલ તે શિકાગો ખાતે ફિઝીકલ થેરાપીસ્ટ તરીકે પ્રૅક્ટિસ કરી રહી છે અને ત્યાંની ત્રણેક ડાન્સ કંપનીઝ સાથે જોડાયેલી છે. ઈન્ડિયન કલાસીકલ ઉપરાંત ક્લાસીકલમાં કન્ટેમ્પરરી સ્ટાઈલ ઉમેરીને તે પોતાનાં નૃત્યો પ્રસ્તુત કરીને બે હાથે નામ રળી રહી છે. શિકાગો ખાતે તેનાં



કલાગુરુ છે પ્રનિતા જૈન જેમણે કિન્નારીને ખજૂરાહો નૃત્ય મહોત્સવ માટે અરજી કરવાની પ્રેરણા આપી. કિન્નરીએ પોતાના પિતા ઉદયભાઈ વોરાને વાત કરી તો તેમણે એવું સૂચન કર્યું કે પહેલાં ગુજરાત માટે અરજી કરીએ. એમ કિન્નરીએ મોઢેરા ઉત્સવ માટે અરજી

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગરમાં રિક્ષા ગેંગ પુનઃ સક્રીય

## મુસાફર દંપતીને ગાંધીનગરથી માણસા લઈ જવા રિક્ષામાં બેસાડી ટાટા ચોકડી પાસે રિક્ષા બંધ પડી હોવાનું તરકટ કર્યું ને દંપતીને મુકીન રિક્ષા ગેંગ ભાગી ગઈ : થેલામાં જોયું તો રૂ. ૧.૩૧ લાખની મત્તા ગાયબ હતી...!

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર વિસ્તારમાં ઘણા સમય બાદ રિક્ષા ગેંગ પુનઃ સક્રીય થતા ફફડાટ ફેલાયો છે. દેત્રોજથી ગાંધીનગર આવ્યા બાદ રિક્ષામાં એક દંપતી માણસા જવા બેઠું હતું. ટાટા ચોકડી પાસે રિક્ષા બંધ પડી હોવાનું તરકટ કર્યું અને થોડી વાર રહીને દંપતીને ત્યાં જ મુકી રિક્ષા ચાલુ કરીને ગેંગ ફરાર થઈ ગઈ હતી. દંપતીએ જોયું તો થેલામાંથી રોકડ તથા દાગીના મળી રૂ. ૧.૩૧ લાખનો મુદામાલ ગાયબ હતો. સે-૨૧ પોલીસ મથકમાં આ બનાવ અંગે ગુનો દાખલ થવા પામ્યો છે.

મળતી માહિતી મુજબ દેત્રોજ ખાતે રહેતા શંભુભાઈ પટેલ અને તેમના પત્નિ અનિલાબેન પટેલ અડાલજ આવ્યા હતા. ત્યાંથી રિક્ષામાં ગાંધીનગર આવ્યા બાદ ગાંધીનગરથી બીજી રિક્ષામાં બેસીને માણસા જવા રવાના થયા હતાં. શંભુભાઈ ખેતીના હિસાબના પૈસા લઈને ભાઈને આપવા જઈ રહ્યા હતા. ગાંધીનગરથી મળેલ રિક્ષામાં શંભુભાઈ આગળ બેઠા અને તેમની

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપનું પ્રમુખપદ દક્ષિણ ગુજરાતને ફાળવવામાં આવે તેવા સંકેતો

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત પ્રદેશ ભાજપનું પ્રમુખપદ આ વખતે દક્ષિણ ગુજરાતને ફાળવવા માટેની વિચારણા ચાલી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વ. કાશીરામ રાણા બાદ દ. ગુજરાતમાંથી સંગઠનમાં સ્થાન આપવામાં આવ્યું નથી. હાલ ગુજરાતમાં પાટીદાર આંદોલનની ઈફેક્ટને પગલે પ્રદેશ ભાજપનું સંગઠન પણ દ. ગુજરાતમાં પ્રમુખપદનો કળશ ઢોળવા આતુર બન્યાનું ચર્ચાઈ રહ્યું છે.

પ્રદેશ પ્રમુખની નિયુક્તી માટેની કવાયત હવે ઝડપભેર આગળ વધી રહી છે અને બધા જ પાસાઓને ધ્યાને લેતાં સંગઠનમાં દ. ગુજરાતના નેતાની નિમણુંક અંગે સર્વસંમતિ સધાશે તેમ પક્ષના સૂત્રોનું પણ માનવું છે. રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમીત શાહ અને સંગઠનના શ્રી વી. સતિષ ગુજરાતના મામલે આગેવાનોને મળી ચુક્યા છે અને ઉત્તરાયણ પછી તુરત જ પ્રદેશના

● અનુસંધાન પાન-૭ પર


બાઈક રેલી - સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા બાઈક રેલીનું આયોજન કરાયું હતું. સ્વામી વિવેકાનંદ અમર રહોના ગગનભેદી સૂત્રોચ્ચાર વચ્ચે યોજાયેલ રેલીમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાયા હતા.

# કોટવાસની પ્રાથમિક શાળાના બાળકોને ઝાડા થતાં આરોગ્ય તંત્રમાં દોડધામ

## ૫૭ બાળકોને અસર : ફુડ પોઈઝનીંગ શંકા : તંત્ર દ્વારા સર્વેલન્સ હાથ ધરાયું : પાણીના નમુના ચકાસણી માટે મોકલાયા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અનોડિયા ગામમાં કોટવાસની પ્રાથમિક શાળાના ૫૭ બાળકોને આજે સાદા ઝાડાની ફરિયાદને પગલે આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે આ શાળાના ૧૭૦ જેટલા બાળકો પૈકી ૧૫૧ જેટલા બાળકો આજે શાળામાં હાજર હતા અને ૫૭ જેટલા બાળકોએ પેટમાં દુઃખાવાની ચૂંક આવવાની ફરિયાદો કરતાં તાત્કાલિક આરોગ્યની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં આ બાળકોને સાદા ઝાડા થયાનું જણાઈ આવ્યું હતું. તંત્રએ ૭૫થી વધુ બાળકોની તપાસ હાથ ધરી હતી.

આરોગ્ય તંત્રની ટીમો તાત્કાલિક શાળાએ પહોંચી હતી અને ગામમાં સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી હતી. આ ઉપરાંત શાળાની પાણીની ટાંકી તથા ગામની પાણી સપ્લાય કરતી ટાંકીમાંથી પાણીના નમુના મેળવી તેની તપાસ માટે ગાંધીનગર પાણી પુરવઠા વિભાગને મોકલી અપાયા હતા.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે મધ્યાહન ભોજન યોજનામાં પિરસાયેલા ખોરાકને કારણે ફૂડ પોઈઝનીંગની શક્યતાઓ પણ હોવાનું મનાઈ રહ્યું છે. તંત્ર દ્વારા હાલ તો ચોક્કસ તારણને લઈ મૌન સેવવામાં આવી રહ્યું છે. જોકે અન્ય શાળાઓમાં અપાયેલા ખોરાક પછી

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને ૬ માસની કેદની સજા

## ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ માંથી સીધા ધિરાણની યોજના હેઠળની લોન સામેનો ચેક પરત થયો હતો

ગાંધીનગર તા ૧૨

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. કોર્ટે આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા પણ કોર્ટે આદેશ કર્યો છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા માટે આદેશ કર્યો છે.

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ દ્વારા રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નવી દિલ્હીની સીધા ધિરાણની યોજના હેઠળ ધિરાણ કરવમાં આવે છે. આ ધિરાણ ગરીબ તેમજ પછાત વર્ગના લોકોને ડેરી ઉદ્યોગને અનુલક્ષી જરૂરીયાત મુજબ કરવામાં આવે છે. જયારે આ યોજનાને અનુલક્ષીને નિગમના ઓથોરાઈઝડ વ્યકિત દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮માં વિરમગામના સેલાભાઈ માલુભાઈ ભરવાડની રૂ ૨૫ હજારની લોન મંજુર કરવામાં આવી હતી. જયારે લોન મંજુર કરીને તેમને ચેક પણ મોકલી દેવામાં આવ્યો હતો. જેના અનુસંધાને આરોપીએ નિગમના પ્રદીપભાઈ ભટ્ટને વિરમગામની શાખનો રૂ ૩૬,૨૩૨ની કિંમતનો ચેક આપ્યો હતો. જયોર તેની સામે ચેક બેંકમાં જમા કરાવશો તો નાંણાં મળી જશે તેવો વિશ્વાસ આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા અપુરતા ફંડના અભાવે પરત થયો હતો.ત્યારબાદ લેંણી રકમ માટે ફરિયાદીને રકમ ભરી જવા માટે નોટીસ આપી હતી. આમછતા આરોપીએ નાણાંની ચુકવણી ન કરતા તેની સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ-૧૩૮ અન્વયે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની ચોથા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com